## દુંદાળા દેવના દર્શન


ભાથીજી મંદિરવાળું ફળીયુ (કુણી)


છત્રપતિ શિવાજી મહારાજ યુવક મંડળ, નડિયાદ


ચિંતામણી ગ્રુપ (કુણી)


તપસ્વી બંગલો(આણંદ)


હાડગુડ


સફલ હાઇટ્સ (કરમસદ)

### આંકલાવના નવાખલ ગામમાં નરાધમ યુવકની કરતૂત ખુલી : પોલીસે ધરપકડ કરી ચાર દિવસની રિમાન્ડ મેળવ્યા

# નવાખલમાં નરાધમે બાળકી પર દૂષ્કર્મ કરી હત્યા કરી

**બાળકીને** મકાઇનો ડોડો ખાવાના બહાને બાઇક પર લઇ જઇ દૂષ્કર્મ કરી ગળુ દબાવી હત્યા કરી નદીમાં ફેંકી દીધી હતી



(પ્રતિનિધિ) આંકલાવ તા.3

આંકલાવના નવાખલ ગામમાં જનધ્ય ઘટનામાં આખરે રહસ્ય પરથી પરદો ઉંચકાયો હતો. ગામના જ શખસે 5 વર્ષિય માસુમ બાળકીનું અપહરણ કરી તેને કોતરમાં લઇ જઇ દૂષ્કર્મ ગુજાર્યું હતું. બાદમાં ગળુ દબાવી હત્યા કરી તેના મૃતદેહને મીની નદીમાં ફેંકી દીધો હતો. આ અંગે આંકલાવ પોલીસે યુવકની ધરપકડ કરી હતી.

આંકલાવ તાલુકાના નવાખલ ગામમાંથી 30મી ઓગષ્ટ,2025ના રોજ પાંચ વર્ષની બાળકી ગુમ થવાનો બનાવ બન્યો હતો. જે અનુસંધાને જિલ્લા પોલીસ વડા જી. જી. જસાણીના માર્ગદર્શન હેઠળ આંકલાવ પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આંકલાવ પોલીસ ઈન્સ્પેક્ટર પી. જે. બાંટવા તથા તેમની ટીમ દ્વારા ઉમેટા ચોકડી ઉપરના સીસીટીવી ફુટેજ તપાસ કરતાં એક શખસ બાઈક પર બાળકીને લઇ જતો જોવા મળ્યો હતો. તે આધારે બાળકીની શોધખોળ કરતાં શંકાસ્પદ યુવકની ઓળખ થઇ હતી. આ શખસ ગામનો જ અજય ઉર્ફે રાહુલ જીકા પઢીયાર (ઉ.વ.22) હોવાનું બહાર આવ્યું હતુ. આથી, પોલીસે અજય પઢીયારની અટકાયત કરી આગવીઢબે પુછપરછ કરતાં તેણે પાંચ વર્ષની બાળકીને મકાઇનો ડોડો ખાવાના બહાને બાઈક પર બેસાડી ઉમેટા ચોકડી થઇ સિંઘરોટ ચોકડી પછી મીની નદીના બ્રિજ પછીની કોતરોમાં બાઈક મુકી બાળકીને કોતરમાં લઈ ગયો હતો. જ્યાં બાળકીના મોઢા પર રૂમાલ બાંધી દૂષ્કર્મ ગુજાર્યું હતું અને ગળુ દબાવી હત્યા કરી નાંખી હતી. બાદમાં તેને મીની નદીમાં ફેંકી દીધી હતી. જોકે, કશુ બન્યું ન હોય તેમ તે બાઈક લઈને પરત ગામમાં આવી ગયો હતો અને બાળકીના માતા - પિતા સાથે ગ્રામજનો સાથે જોડાઈ ગયો હતો.

આંકલાવ પોલીસે અજય પઢીયારને રાઉન્ડ અપ કર્યા બાદ તેની પાસેથી મળેલી કબુલાત આધારે શંકાસ્પદ શખસોના મોબાઈલના એસડીઆર, સીડીઆર કઢાવીને તેની ટેકનીકલ ટીમ મારફતે તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત નદીના પાણીનો પ્રવાહ વધુ હોવાથી એસડીઆરએફ ટીમની મદદ લેવામાં આવી હતી. જેમાં મીની નદીથી મહિસાગર નદી સુધી શોધખોળ કરવામાં આવી હતી. આખરે 3 દિવસ બાદ વડોદરા જિલ્લાના અપાડ ગામની પાસે મીની નદીના કિનારે બાળકીનો મૃતદેહ મળ્યો હતો. જેની ઓળખવિધિ બાદ તેનું ફોરેન્સીક એકસપર્ટ દ્વારા પેનલથી પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું હતુ. જેમાં દૂષ્કર્મ ગુજારી હત્યા કરી હોવાનું ઘટસ્ફોટ થતા પોલીસે અજય ઉર્ફે રાહુલ જીકા પઢીયારની સત્તાવાર ધરપકડ કરી વધુ તપાસ અર્થે તેના 4 દિવસના રિમાન્ડ મેળવ્યાં છે.

### બાળકીને શોધવા ડ્રોનનો ઉપયોગ કરાયો

આંકલાવ પોલીસે બાળકીને શોધવા બોરસદ ટાઉન, ગ્રામ્ય, ભાદરણ અને લોકલ ક્રાઇમ બ્રાંચની જુદી જુદી 5 ટીમ બનાવી મીની નદીના કિનારે તથા કોતરમાં, મહિસાગર તથા મીની નદીના કિનારા વિસ્તારને લાગતા આણંદ, વડોદરા, ભરૂચ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં બાળકી ગુમની જાહેરાતની યાદી રૂબરૂ પોલીસ કર્મી મારફતે મોકલી આપી હતી. આ ઉપરાંત ડોગ સ્કવોર્ડ તથા ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

# વીરપુરની દરિયાઇ પીર દરગાહમાંથી 15.30 લાખના સોનાના કળશની ચોરી

**દરગાહના** ગુંબજ ઉપરના કળશ પરના સોનાનો શંકુ આકારમાં ચડાવેલું સોનું ઉઠાવી ગયાં



(પ્રતિનિધિ) વીરપુર તા.3

વીરપુર પંથકની સુપ્રસિદ્ધ દરિયાઇ પીર દરગાહમાં તસ્કરો ત્રાટક્યાં હતાં અને દરગાહના ગુંબજ ઉપર ચડી ત્રણ પીળા કલરના ગોળાકાર કળસની ઉપર આવેલા નળાકાર કળશની પરથી 400 ગ્રામ સોનું કિંમત રૂ.15.30 લાખની ચોરી કરી ગયાં હતાં. આ ચોરીની વાત વાયુવેગે ફેલાતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે વીરપુર પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ આધારે ગુના ઉકેલવા મથામણ શરૂ કરી હતી.

વીરપુરની દરિયાઇ પીર દરગાહ આસ્થા અને કોમી એકતાનું પ્રતિક છે. આ દરગાહમાં 3જી સપ્ટેમ્બરની રાત્રિના તસ્કરો ત્રાટક્યાં હતાં. આ તસ્કરોએ માત્ર એક કલાકના ગાળામાં જ દરગાહમાં પ્રવેશ કરી દરગાહ ઉપર આવેલા ગુંબજ ઉપર ચડી ગુંબજ પર આવેલા ત્રણ પીળા કલરના ગોળાકાર કળશની ઉપર આવેલા નળાકાર કળશની ઉપર સોનાનો શંકુ આકારનો કળશ આશરે 400 ગ્રામ કિંમત રૂ.15.30 લાખના કળશની ચોરી કરી હતી. આ ઘટનાની જાણ થતાં વીરપુર પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં તસ્કરોએ કોઈ સાધનથી કાપી ચોરી કરી ગયાં હતાં. આ અંગે અસ્ફાકઅહેમદ જલાલમીયા પીરજાદાની ફરિયાદ આધારે વીરપુર પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ આધારે તપાસનો દોર શરૂ કર્યો છે. આ ઘટનાના પંથકમાં ઘેરા પડઘા પડ્યાં હતાં. જેના પગલે નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર સહિતની ટીમ ઉપરાંત સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ પણ દરગાહ પર પહોંચી ગઈ હતી. હાલ આ અંગે પોલીસે ચારેક શંકાસ્પદોની તપાસ હાથ ધરી છે.

### વીરપુર પોલીસની માત્ર એક કિલોમીટર દુર દરગાહ

વીરપુરની દરિયાઇ પીર દરગાહ કોમી એકતાનું પ્રતિક છે. આ દરગાહ વીરપુર પોલીસ સ્ટેશનથી ઉત્તરે એક કિલોમીટર દુર ટાઉન બીટ વિસ્તારમાં આવેલી છે. આમ છતાં તસ્કરોએ ચોરી કરતાં પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. સૌથી મહત્વની બાબત એ છે કે, વીરપુર પોલીસ મથકમાં હાલમાં જ પોલીસ ઇન્સ્પેક્ટર અને સબ ઇન્સ્પેક્ટરની નિયુક્તિ કરવામાં આવ્યા છે. આ ચોરીના પગલે વીરપુર પોલીસના પેટ્રોલીંગ પર પણ અનેક સવાલો ઉભા થયાં છે.

### આણંદ રોકડીયા હનુમાનજી મંદિર દ્વારા જલઝીલણી એકાદશીની ઉજવણી કરાઇ





સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલવાસી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના તાબાના આણંદ શહેર મધ્ય આવેલી પ્રસાદીભૂત રોકડીયા હનુમાનજી મંદિર તથા સહજાનંદ સ્મૃતિ મંદિરના મહંત ભક્તવત્સલદાસજી ગુરુ ધ્યાની સ્વામીના તથા મંડળના સંતોના માર્ગદર્શન હેઠળ ભાદરવા સુદ-11 જલઝીલણી એકાદશીનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે મંદિરેથી શોભાયાત્રા નિકળી હતી. જે શહેરના વિવિધ માર્ગો ઉપરથી વિચરણ કરી તળાવે પહોંચી હતી. જ્યાં બોટ દ્વારા પાંચ નૌકા વિહારના ફેરા મારી 5 વખત આરતી ઉતારી તથા ઠાકોરજીનું પૂજન કરાવ્યું હતું.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નડિયાદના વતની એવા માહિતી વિભાગના વહીવટી અધિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

**નડિયાદ |** નડિયાદના વતની અને માહિતી વિભાગમાં વહીવટી અધિક્ષક તરીકે ફરજ બજાવતા નિલેશ ચોકસી 36 વર્ષથી વધુની લાંબી સેવા બાદ વય નિવૃત્ત થયા છે. તેમનો વિદાય સમારંભ અમદાવાદ ખાતેની પ્રાદેશિક માહિતી કચેરી ખાતે યોજાયો હતો. નિલેશ ચોકસી 31મી ઓગસ્ટના રોજ વહીવટી અધિક્ષક અને ઇન્ચાર્જ સહાયક માહિતી નિયામકની પોસ્ટ પરથી નિવૃત્ત થયા હતા. તેમણે 9મી જાન્યુઆરી, 1990ના રોજ જુનિયર ક્લાર્ક તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. નડિયાદ માહિતી કચેરીમાં 22 વર્ષ સુધી સિનિયર ક્લાર્ક અને સહાયક અધિક્ષક તરીકે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી હતી. ત્યાર બાદ તેમને અમદાવાદ માહિતી કચેરી ખાતે વહીવટી અધિક્ષક તરીકે બઢતી આપવામાં આવી હતી.



### નડિયાદમાં ડાંડિયો સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક મેડિકલ ચેક-અપ કેમ્પ યોજાયો

**નડિયાદ |** ડાંડિયો સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નડિયાદ ખાતે એક ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને રૂટીન ચેક-અપ સહિતના વિવિધ પરીક્ષણો વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો, પૂર્વ કાઉન્સિલરો, અને મહત્વના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. દિવસભર ચાલેલા આ કેમ્પનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ડો. અતુલ મકવાણાના સહયોગથી નાગરીકોને સેવાઓ આપવામાં આવી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં વિચરતી-વિમુક્ત જાતિના કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અપાયું



**નડિયાદ |** નડિયાદ ખાતે વિચરતી અને વિમુક્ત જાતિઓના 'વિમુક્ત દિન'ની ઉજવણીના ભાગરૂપે એક સમાજ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિચરતી અને વિમુક્ત જાતિઓમાં જાગૃતિ લાવવા અને સરકારની કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. આ શિબિરમાં મોટી સંખ્યામાં આગેવાનો અને લાભાર્થીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન, અધિકારીઓએ કલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને જાતિ પ્રમાણપત્રો અને પંડિત દીનદયાળ આવાસ યોજનાના મંજૂરી પત્રો પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સમાજ કલ્યાણ વિભાગના નાયબ નિયામક પ્રણવ વૈદ્ય અને સલોનીબેન પટેલ, ચરોતર તળપદા સમાજ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ જયેશ વાઘેલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડા જિલ્લા કક્ષાના કલામહાકુંભમાં સૌથી નાનો બાળકલકાલાક કર્તવ્ય રાણા પ્રથમ આવ્યો

**નડિયાદ |** કમિશ્નર યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા ખેડા જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો. આ મહોત્સવમાં સૌથી નાનો બાળ કલાકાર કર્તવ્ય વૈભવકુમાર રાણાએ એકપાત્રીય અભિનય સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવીને નડિયાદ અને ખેડા જિલ્લાનું નામ રોશન કર્યું છે. 6 થી 15 વર્ષની ઉંમરના વિભાગમાં યોજાયેલી એકપાત્રીય અભિનય સ્પર્ધામાં માત્ર 7 વર્ષના બાળ કલાકાર કર્તવ્ય રાણાએ શાનદાર પ્રદર્શન કર્યું છે.




### નડિયાદમાં જેએસી એલ્યુમ્ની કલબ ઇન્ડિયાના ઝોન-8ના રીજીયન-બીનો શપથ સમારોહ યોજાયો

**નડિયાદ |** જેએસી એલ્યુમ્ની ક્લબ ઇન્ડિયાના ઝોન-8ના રીજીયન - બી ના શપથ વિધિ સમારોહ યોજવામાં આવ્યો હતો. વર્ષ 2025 માટે જેએસી ઝોન-8ના રીજીયન - બી ના ચેરમેન રિતેશભાઇ મોદી,, સેક્રેટરી મયુરિકા રાજપૂત, વાઇસ ચેરમેન હેમાંગભાઇ પટેલ, ટ્રેઝરર નીતિન સુખડીયાને ઝોન ચેરમેન બિંદુ શાહ દ્વારા શપથ અપાવવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે વર્ષ 2025ના જેએસી ઇન્ડિયાના ચેરપર્સન જેએસી અંજલિ ગુપ્તા બત્રા તેમજ ઝોન-8 ના જેએસી પૂર્વ ચેરપર્સન સદય જોષી હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ઝોન ઇવેન્ટ ચેરમેન માર્ગેશ શુક્લા દ્વારા કરવામાં આવ્યો હતો. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રિયંકા કવૈયા અને ધવલ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.



### કપડવંજની એસસી દાણી શાળાની વિદ્યાર્થીનીઓ તાલુકામાં પ્રથમ ને જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાને




**કપડવંજ |** ખેડા જિલ્લા મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધાઓ કપડવંજ કેળવણી મંડળ સંચાલિત એસ.સી. દાણી શાળાની ઓનરશીપમાં સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે યોજાઈ હતી. તેમાં એસ.સી. દાણી શાળાની ધોરણ-7 ની વિદ્યાર્થીનીઓએ 'કેસરિયો રંગ તને લાગ્યો રે' ગરબાની સુંદર રજૂઆત કરીને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ પછી નડિયાદ ખાતે યોજાયેલા કલા મહાકુંભની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ વિદ્યાર્થીનીઓએ સરસ રજૂઆત કરીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

### આણંદની વીજે પટેલ કોલેજ ઓફ ફીઝીકલ એજયુકેશનના વિદ્યાર્થી ઝળક્યાં



**આણંદ |** ચરોતર એજયુકેશન સોસાયટી સંચાલિત વી. જે. પટેલ કોલેજ ઓફ ફીઝીકલ એજયુકેશન, મોગરી (B.P.Ed, B.P.E.S, M.P.E.S) જોડાણ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ડેસર દ્વારા રાષ્ટ્રીય રમત દિવસ નિમિતે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈ. જે. પટેલ કોર્સના પ્રોફેસર ડો. યજ્ઞેશ પુરોહિત દ્વારા રમતનું મહત્વ સમજાવી સ્પર્ધાને ખુલ્લી મુકી હતી. તે બદલ મંડળના મંત્રી કે. ડી. પટેલ તથા મંડળના સભ્યો વતી કોલેજના આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલે તેમનો આભાર માન્યો હતો. તેમજ કોલેજ પરિવારે વિદ્યાર્થીઓ ને રાષ્ટ્રીય રમત દિવસની સુભેછાઓ પાઠવી હતી.

### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મળ્યો

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઉચ્ચ પ્રાથમિક વિભાગ ખેતીવાડી આણંદના શિક્ષક કામિનીબેન તલાટીને તેમના ઉત્કૃષ્ટ શૈક્ષણિક કાર્ય, નેતૃત્વ અને અસાધારણ સમર્પણ બદલ રોટરી ક્લબ દ્વારા વર્ષ 2025-26 માટેનો આઉટ સ્ટેન્ડીંગ એવોર્ડ આપી સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. ચરોતર એજ્યુકેશન સોસાયટી અને શાળા પરિવાર તરફથી કામિનીબેનને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



### ઠાસરા તાલુકા પંચાયતમાં એનારએલએમ યોજના અંતર્ગત કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો

**ઠાસરા |** ઠાસરા તાલુકા પંચાયત ખાતે એનઆરએલએમ યોજના અંતર્ગત કેશ ક્રેડિટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અત્રેના તાલુકાના સખી મંડળના કુલ 60 બહેનો હાજર રહ્યા હતા, આ કેશ ક્રેડિટ કેમ્પમાં જિલ્લા લાઇવલીહૂડ મેનેજર, જિલ્લા કક્ષાના આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, બેંક મેનેજર, તેમજ પુષ્પાંજલિ સંસ્થાના પ્રતિનિધિ તેમજ ભદ્રાસાના સરપંચ તથા તમામ એનઆરએલ એમ સ્ટાફ હાજર રહ્યાં હતાં. આ કેશ ક્રેડિટ કાર્યક્રમ દરમિયાન હાજર રહેલા મહાનુભાવોના હસ્તે કુલ અંકે રૂ.1.15 કરોડના ચેક તેમજ સેંકશન લેટર વિતરણ કરાયા હતાં. તાલુકામાંથી એનઆર એલએમ યોજના અંતર્ગત ઉત્કૃષ્ટ કામગીરી કરેલા બ્રાન્ચ મેનેજરનું સન્માન કરાયું હતું.



### બાકરોલની સ્પેક ફાર્મસીમાં જીટીયુ દ્વારા વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું




**આણંદ |** તિરુપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજયુકેશન કેમ્પસ (સ્પેક) સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીમાં જીટીયુ સ્તરે વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક કોલેજોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નીઓટેક એન્જિનિયરિંગ કોલેજ, સ્પેક એન્જિનિયરિંગ કોલેજ, એસવીઆઈટી, બીવીએમ તથા અન્ય સંસ્થાઓની ટીમોએ પોતાની પ્રતિભા અને ખેલભાવના પ્રદર્શિત કરી હતી. જેમાં સરદાર પટેલ કોલેજ ઓફ ફાર્મસીના વિદ્યાર્થીઓએ આ ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કર્યું હતું. ફાર્મસી વિભાગની છોકરીઓ અને છોકરાઓની વોલીબોલ ટીમ રનર-અપનું સ્થાન મેળવ્યું હતું.

### આણંદની પીએમ પટેલ કોલેજ કેમ્પસ વુમન સેલ દ્વારા માટી મોડેલ સ્પર્ધા કરાઇ

**આણંદ |** પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ, આણંદના વુમન સેલ દ્વારા માટી મોડેલ મેકિંગ સ્પર્ધાનું આયોજન સંસ્થાના સેક્રેટરી અને રજીસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન સાથે કરવામાં આવ્યું હતું. વુમન સેલના હેડ પ્રા. દિપ્તીબેન મેકવાન અને પ્રા. જાનકીબેન પટેલના આયોજન સાથેની સ્પર્ધામાં ગર્લ્સ સ્ટુડન્ટ્સએ વિવિધ કલાકૃતિઓ બનાવી ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે બીએડના ગાયત્રી રાઠવા, બીજા ક્રમે બીબીએ વિભાગના શિફા વોહરા અને નંદિની ખાંટ, ત્રીજા ક્રમે બીએડ વિભાગના નિકિતા નાયક અને બીસીએ વિભાગના ઋત્વી ચૌધરી રહ્યાં હતાં.

